Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/ધ્વજદિન/૨૦૨૨/ ~~૨૦૧૭૭૩૬~~ ૨૦૯૪૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૯ /૧૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જીલાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

વિષય :- સશસ્ત્ર સેના ધ્વજદિન -૨૦૨૨ ના ફાળા બાબત.
સંદર્ભ :- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરીના પત્ર ક્રમાંક :જસકસ/ ૨૩૨/બઠક-૨૫/ધદન/૨૦૨૨-૨૩ તા.૩૦/૦૯/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ૭ મી ડીસેમ્બર-૨૦૨૨ ના રોજ સમગ્ર દેશમાં સશસ્ત્ર સેના ધ્વજદિન એ આપણા માટે એક મોટો અવસર છે.દેશની સુરક્ષા અને અખંડિતતા માટે સદાય તત્પર રહેનાર આપણા શૂરવીર સૈનિકોનાં અભિવાદન કરવાનો આ એક દિવસ છે.આપણુ સૈન્ય કુદરતી કે બિન કુદરતી આપદાઓની ઘડીમાં પણ નાગરિક પ્રશાસનને મદદ અને સહાયતા પહોચાડવા અગ્રેસર હોય છે.દેશની એકતા સામેના પડકાર ઝીલવા તત્પર આપણા સૈનિકો હસતા મુખે શહાદત વહોરી લે છે.તો કેટલાક શારીરિક ક્ષતિગ્રસ્ત પણ બને છે.આપણા જવાનો દેશની સેવાની ભાવના અપનાવી લડાઈને મોરચે પોતાના પ્રાણોની પણ પરવા કર્યા વગર માતૃભૂમિના રક્ષણ કાજે શહીદ થવા તથા બધાજ દુખો ભોગવી આપણને સ્વતંત્રતાનું સુખ આપવા તત્પર રહે છે, તેમજ દેશની આંતરિક અવ્યવસ્થા વખતે પણ નાગરિકોના રક્ષણ કાજે અડીખમ ઉભા રહી સેવા આપે છે તેઓની મહામુલી દેશ સેવા કાજે શહીદોની કુરબાની ધ્યાને લઇ તેઓના પરિવારોની સાર સંભાળ રાખવી એ દેશવાસીઓની નૈતિક ફરજ બને છે. આ અંગે નાગરિકો તરફથી એકઠો કરેલ ફાળો સૈનિકો અને શહીદોનાં નિરાધાર પરિવારો તથા પૂર્વ સૈનિકો તેમજ તેમના પરિવારોના કલ્યાણ અને પુનર્વસવાટ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

શહીદો અને સેવારત સૈનિકોના દેશ પ્રત્યેના બલિદાન તેમજ તેઓ દ્વારા સરહદ ઉપર બહાદુરીપૂર્વક સેવાના સન્માનમાં "સશસ્ત્ર સેના ધ્વજદિન" ની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે તમામ શાળાઓએ ધ્વજદિનનો ફાળો એકત્રિત કરી ફાળો " જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી " ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસીડેન્સીની પાછળ, સરથાણા, સુરત-૩૯૫૦૧૩ ખાતે તા. ૩૦ નવેમ્બર-૨૦૨૨ સુધીમાં રોકડા અથવા **COLLECTOR AND PRESIDENT ARMED FORCES FLAG DAY FUND SURAT** નાં નામનો ચેક/ડ્રાફ્ટ કઢાવી સશસ્ત્ર સેના ધ્વજદિન ફંડમાં જમા કરાવવા અને તેની પહોંચ મેળવી લેવા આથી જણાવવામાં આવે છે.

<u>શાળાઓએ ફાળો જમા કર્યાની પહોંચની એક નકલ સંકુલના SVS કન્વીનરશ્રીને જમા કરવાની રહેશે. SVS કન્વીનરશ્રીઓએ તમામ પહોચ એકત્ર કરી તેની શાળા વાઈઝ જમા થયેલ ફાળાની રકમની યાદી તથા પહોંચ અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના જાણ તથા અમલ સારું. :-
- કન્વીનરશ્રી શાળા સંકુલ ૧ થી ૧૪

નકલ રવાના :-
શિક્ષણ નિરીક્ષક અને તમામ મદદનીશ શિક્ષણ નિરિક્ષકશ્રી, આ કચેરી